## વિદ્યાર્થીઓ માટે સુખદ આશ્ચર્ય

# પરીક્ષા પૂરી થયાના ૨૫ દિવસમાં એમકોમનુ પરિણામ જાહેર કરાયું

એમ.એસ.યુનિવર્સિટીની સૌથી મોટી કોમર્સ ફેકલ્ટીમાં એમકોમ ફાઈનલનુ પરિણામ ૨૫ દિવસમાં જાહેર કરી દીધુ છે.પરિણામો જાહેર કરવામાં વિલંબ માટે વગોવાયેલી ફેકલ્ટીએ વિદ્યાર્થીઓને સુખદ આશ્ચર્યનો આંચકો આપ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૨ મેના રોજ એમકોમની પરીક્ષા પૂરી થઈ હતી અને આજે સાંજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ.જોકે હજી એફવાયના પહેલા સેમેસ્ટર, એસવાયના પહેલા સેમેસ્ટર અને ટીવાયના બીજા સેમેસ્ટરનુ પરિણામ બાકી છે.

કોમર્સ ફેકલ્ટીના સૂત્રોનુ કહેવુ છે કે, આ પરિણામ પણ વહેલી તકે જાહેર થઈ જશે.મુખ્યત્વે ડેટા એન્ટ્રીમાં વિલંબના કારણે પરિણામમાં વિલંબ થતો હતો.હવે ૫૦ જેટલા અધ્યાપકોએ એક સપ્તાહમાં આ પરિણામો તૈયાર કરવાની કાર્યવાહીના ભાગરુપે ૧.૪૦ લાખ ડેટા એન્ટ્રી કરી છે.આ પહેલા ડેટા એન્ટ્રી બિન શૈક્ષણિક કર્મચારીઓના ભરોસે છોડવામાં આવતી હતી અને કર્મચારીઓની સંખ્યા ઓછી હોવાથી ડેટા એન્ટ્રીમાં વિલંબ થતો હતો.

## એફવાય,એસવાય અને ટીવાયનુ પરિણામ જાહેર કરવા એક સપ્તાહમાં ૧.૪૦ લાખ ડેટા એન્ટ્રી કરાઈ